તમામ પબ્લિક એડ્રેસ સિસ્ટમ/સાઉન્ડ સિસ્ટમમાં સાઉન્ડ લિમિટર્સનો ઉપયોગ કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: HD/COU/e-file/8/2023/0331/M/P.F.
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૧/03/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં તા.03/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશન નં. GPCB/LGL: NGT: GENERAL: 115(2)/528796.

(૨) WPIL No-101/2022 Kaivan M. Dastur VS State of Gujarat and Ors. નો નામ. ગુજરાત હાઇકોર્ટનો તા. ૦૪/03/૨૦૨૪નો ઓરલ ઓર્ડર.

**પરિપત્ર:**

પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, 1986 હેઠળ જાહેર કરાયેલ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો 2000 ના નિયમ 5(3) દ્વારા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.03/૧૨/૨૦૧૯ના નોટિફિકેશનથી નીચે દર્શાવ્યા પ્રમાણે સમગ્ર રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણના અસરકારક નિયંત્રણ માટે તમામ સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમમાં સાઉન્ડ લિમિટર્સનો ફરજિયાત ઉપયોગ કરવા સૂચના આપવામાં આવેલ.

*"No sound system should be sold/purchased/supplied/installed/let out/used by any manufacturer/dealer/shopkeeper/any agency who lets out the public address system etc./individual without having sound limiter in it. Installation/retrofitting of sound limiter is also mandatory to existing sound system. Further, all Licensing Authorities including Police Authorities, Municipal Corporation, Municipal Councils, Nagar Panchayats, Panchayat shall ensure that no audio system or public address system shall ensure that no audio system or public address system shall be let out/installed without being fitted with sound limiters in any government or non-government function and this condition be included in all licenses issued by respective agencies."*

૨. ઉક્ત જોગવાઈ પ્રમાણે કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/કોઈપણ એજન્સી કે વ્યક્તિ સાઉન્ડ લિમિટર વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડસ્પીકર/સાઉન્ડ સિસ્ટમ

વેચી/ખરીદી/સપ્લાય કે ઈન્સ્ટોલ કરી શકે નહીં. હાલની સાઉન્ડ સિસ્ટમ માટે પણ સાઉન્ડ લિમિટરનું ઇન્સ્ટોલેશન/રેટ્રોફિટિંગ ફરજિયાત કરવા તથા પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો તથા ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને કોઈપણ સરકારી અથવા બિન-સરકારી કાર્યમાં સાઉન્ડ લિમિટર લગાવ્યા વિના કોઈપણ ઑડિયો સિસ્ટમ અથવા પબ્લિક એડ્રેસ સિસ્ટમ ઈન્સ્ટોલ/ઉપયોગ કરવામાં ન આવે તે બાબતની ખાતરી કરવા સૂચના આપવામાં આવેલ છે.

૩. સરકારશ્રીના ધ્યાને આવેલ છે કે, ઘણા વાહનોમાં સાઉન્ડ સિસ્ટમ ઇન્સ્ટોલ કરવામાં આવે છે, કે જેમાં સાઉન્ડ લિમિટરનો ઉપયોગ કરવામાં આવતો નથી.આવા વાહનો અને સાઉન્ડ સિસ્ટમોની જપ્તી કરવાની કાર્યવાહીને વેગવંતી બનાવવી.

૪. આથી, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના વંચાણે લીધેલ તા. ૦૩/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશનનું ચુસ્તપણે પાલન કરવા, તેમજ ઉપરની કોઈપણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ વ્યક્તિ, જેવી ઉત્પાદક/ વેપારી/દુકાનદાર/વાહન - ચાલક/ કોઈપણ એજન્સી કે વ્યક્તિ સાઉન્ડ લિમિટર વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડસ્પીકર/સાઉન્ડ સિસ્ટમ વેચી/ખરીદી/સપ્લાય કરે તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવા પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અમિત રાવલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

૧. અગ્ર સચિવશ્રી,પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
૨. અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
૩. અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(આપના હસ્તકના ખાતાના વડા/કચેરીના વડાઓને ઉક્ત સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાની સૂચના આપવાની વિનંતી સહ)
૪. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
૫. સર્વે પોલીસ કમિશ્નરશ્રી.
૬. સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી.
૭. સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી.
૮. શાખા સિલેક્ટ ફાઇલ.